ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચૂંટણી આવે ને કોઈને 'રામ' યાદ આવે છે!*
*અને કોઈને દલિતોનાં 'કામ' યાદ આવે છે!*
*યાદ આવે છે, ધર્મ-નાત-જાતનાં સંગઠનો -*
*દેશને ચરી ખાનારાઓને ધામ યાદ આવે છે*

હાઈકુ

*'અટલ' પ્રેમે*
*કાશ્મીરી કાળીનાગ -*
*પંપાળ્યા કરો!!*
*(મહેબૂબાની સલાહ...)*

*સસ્તી શહિદી*
*માં, આપ્યા કરો બલિ -*
*ગુપ્ત યુદ્ધમાં...*
*(કાશ્મીરી હવનકુંડ)*

### ચિંતન

**યઃ કાર્યં ન પશ્યતિ ઓ અન્ધઃ**

જે કાર્ય ને પારખી શકતો નથી તે આંધળો છે.

ચાણક્ય સૂત્રમાંથી આ શ્લોક લેવામાં આવેલ છે

પોતાની વિવેકદષ્ટિ દ્વારા પોતાના કર્તવ્યને પિછાની ન શકનારો મનુષ્ય છતી આંખે અંધ છે. કયારે શું કરવું અને કયારે શું ના કરવું એની સૂઝ હોવી જ જોઈએ. રાજયની શાસન વ્યવસ્થા સંભાળતા મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓને યોગ્ય સમય અનુસાર કાર્યની પરખ ના હોય તો એમને આંધળા જ કહેવા જોઈએ.

આવા અંધ અધિકારીઓ રાષ્ટ્રને વિનાશના પંથે દોરી જાય છે.

### સુવિચાર

- સંબંધોમાં જયારથી અધિકારની વાત આવશે ત્યારથી ધિક્કાર શરૂ થઈ જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- રાહુ એન શનિને પણ ટપી જાય તેવો ગ્રહ એટલે પૂર્વગ્રહ અને દૂરાગ્રહ - **કાંતિ ભટ્ટ**
- સફેદ વાળની શરુઆત જીવન સુધારી લેવાની તકની નિશાની છે - **ભૂપત વડોદરિયા**
- દુઃખીના દુઃખની વાતો, સુખી ના સમજી શકે,
  સુખી જો સમજે પૂરું, તો દુઃખ ના વિશ્વમાં ટકે - **મુંબઈ સમાચાર**
- રાહ જોઈને બેસી રહેનારને તડપાવે અને
  હિમ્મતપૂર્વક આગળ વધે તેને વરમાળા પહેરાવે તેનું નામ 'તક' - **ડો. વિજળીવાળા**
- પુષ્કળ પ્રવૃત્તિ અને નરી નિવૃત્તિ બેવ એક સરખા હાનિકારક છે - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : મુખ દુર્ગંધમાં ફુદીનાના તાજા પાન ચાવી ચાવીને કોગળા કરવાથી તરત રાહત થાય છે **(દીપક વી. આસરા)**

### બોધકથા

માણસે પોતાના જીવનનું ધ્યેય નક્કી કરી - 'શું થવું છે' એ નિશ્ચિત માર્ગને હિંમતપૂર્વક અને મક્કમ મનથી વળગી રહી એ જ દિશામાં પ્રયત્નો ચાલુ રાખવા જ જોઈએ

અમેરિકાના શિકાગો શહેરની એક પ્રખ્યાત 'લૉ-કૉલેજ'ના પ્રોફેસરની એક ટેવ હતી કે તે પોતાના વિદ્યાર્થીઓને વારંવાર કહેતા - તમે તમારા જીવનનું ધ્યેય નક્કી કરી લ્યો અને એ માર્ગે જ આગળ વધવા સખત પ્રયત્ન કરો.'

એક ટીખડી વિદ્યાર્થીએ આ વાત ધણીવાર સાંભળી હતી તેથી એકવાર હિંમત એકઠી કરી એણે પૂછી લીધું - 'સર! તમે તમારા જીવનમાં કોઈ ધ્યેય નક્કી કર્યું છે?'

પ્રોફેસર સ્મિત સાથે કહ્યું - 'ચોક્કસ, હું એક દિવસ અમેરિકાનો પ્રેસીડેન્ટ બનીશ.'

અને આ પ્રોફેસરનું નામ હતું 'બરાક હુસેન ઓબામા.'

# ક્વેટા કાંડ : પાકિસ્તાનને હાથનાં કર્યાં હૈયે વાગ્યાં

પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય આતંકવાદનું ઉછેરકેન્દ્ર બની ગયું છે, જેની સૌથી વધુ ચિંતા પાડોશી રાષ્ટ્ર તરીકે ભારતને રહે તે સ્વાભાવિક છે. એમ તો ચીન પણ પાકિસ્તાનનું પાડોશી રાષ્ટ્ર છે, પરંતુ પાકિસ્તાનમાં તાલીમ પામેલા ત્રાસવાદીઓ ચીન સામે ઊંચી આંખ કરવાની હિંમત નથી કરી શક્યા જયારે કાશ્મીર સહિતનાં અનેક બહાના હેઠળ તેઓ રાજયાશ્રિત આતંક ભારતમાં ફેલાવતા રહે છે. એથી આપણા સૈનિકો સહિત અનેક નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાતો રહે છે. પરંતુ આ આતંકવાદનો એક બીજો ચહેરો પણ છે, જે ખુદ પાકિસ્તાનને જ પજવતો રહે છે. અગાઉ પેશાવર ખાતે શાળા પર થયેલ હુમલો કે રાવલપિંડીમાં લાલ મસ્જિદના હુમલાની યાદ અપાવે એવો ખૂંખાર હુમલો બલુચિસ્તાનના ક્વેટા શહેરની સિવિલ હૉસ્પિટલમાં થયો છે. બલુચિસ્તાન શરૂથી જ પાકિસ્તાન સામે બાંયો ચડાવતું રહ્યું છે. એના નેતાઓને કયારેક ઠાર મરાયા છે તો કેટલાકને વર્ષોનાં વર્ષો લગી નજરકેદ રખાયા છે. આ સરહદી વિસ્તાર પાકિસ્તાન માટે શિરોવેદના સમો બની રહેલ છે. આ વખતે બનેલી ઘટના ક્વેટાના સુપ્રસિદ્ધ વકીલ અને બલુચિસ્તાન બાર એસોસિયેશનના પ્રમુખ બિલાલ અનવર કાસીની હત્યા પછી એમનો મૃતદેહ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત કર્મચારી ગણ અને સારવાર લઈ રહેલ દરદીઓ તથા એમનાં સંબંધીઓ આ આત્મઘાતી બોમ્બ બ્લાસ્ટનો ભોગ બન્ય છે. પ્રચંડ બ્લાસ્ટથી મૃત્યુ પામેલાઓની સંખ્યા સોનો આંકડો આંબી ગઈ છે. તાલિબાને આ હુમલાની જવાબદારી પણ લઈ લીધી છે. પાકિસ્તાન માટે આવી ઘટનાઓ જરા જુદા સંદર્ભે 'આશીર્વાદરૂપ' સાબિત થતી રહી છે. આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પાકિસ્તાનને આતંકવાદી દેશ તરીકે ચીતરવા મથતા ભારત જેવા પાડોશી વિરુદ્ધ તેઓ દલીલ કરી શકે છે કે અમે તો પોતે જ આતંકવાદી હુમલાઓનો ભોગ બનતા રહ્યા છીએ. વળી કાશ્મીરમાં પાક પ્રેરિત

**તંત્રીસ્થાનેથી...**

આતંકવાદની ભારતની ફરિયાદ સામે તેઓ આરામથી એમ કહીને છૂટી જાય છે કે બલુચિસ્તાનમાં બનતી રહેલી પાક વિરોધી ઘટનાઓ પાછળ ભારતની ગુપ્તચર એજંસી 'રૉ' નો હાથ હોય છે. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહથી લઈ નરેન્દ્ર મોદી સહિતના ભારતીય નેતાઓ પાકિસ્તાનને અને એને શસ્ત્રો પૂરાં પાડતી અમેરિકા જેવી મહાસત્તાઓ સમક્ષ વારંવાર ગુહાર લગાવતા રહ્યાં છે કે આતંકવાદ એ આતંકવાદ છે - એનું 'ગુડ' અને 'બૅડ' જેવું વર્ગીકરણ ન કરવું જોઈએ. પાકિસ્તાન કાશ્મીરમાં જે ફેલાવે છે તે એને માટે 'ગુડ ટેરરિઝમ' છે, અને ઘર આંગણે જે લોહીની નદીઓ વહેવડાવે છે તે અફઘાનિસ્તાન કે બલુચિસ્તાનનો આતંકવાદ એને 'બૅડ ટેરરિઝમ' લાગે છે. આખરે બેઉમાં માણસો જ મરતા હોય છે. પરંતુ રાષ્ટ્રીય નીતિ તરીકે જ જેણે આતંકવાદી પ્રવૃત્તિઓને આશ્રય આપવાનું પસંદ કર્યું હોય એવા પાડોશી મુલકને આવી બેવડી રાજનીતિ જ માફક આવી ગઈ છે.

# મરડાનું ઉત્તમ ઔષધ – બીલી



પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. શિવમંદિરો હકડેઠઠ ભરાયેલા છે. શિવજીને અમુક હજાર કે અમુક લાખ બીલીપત્રો ચડાવવા અલગ અલગ ભક્તસંસ્થાઓ મેદાને છે. આ સમયે બીલીપત્રનું મહત્વ ખૂબ વધી જાય. આપણી આસ્થા એટલી મજબૂત છે કે મંદિરની બહાર બેસતા ફેરીયાએ પણ બીલીપત્રના પડીયાના ભાવ ડબલ-ત્રણ ગણાં કરી નાખ્યા હોય તો યે આપણે ભગવાનને રીઝવવા બીલીપત્ર હોંશે હોંશે ખરીદીએ છીએ. આવા "ત્રિદલ-ત્રિગુણાકાર" બીલીપત્રનો મહિમા વર્ષોથી ગવાય છે.

બીલીનો આધ્યાત્મિક કે ધાર્મિક મહિમા તો ખરો જ, પણ તેનો આયુર્વેદિક મહિમા પણ ખૂબ છે. આયુર્વેદમાં બીલીનાં પાન કરતા બીલીનાં ફળ તથા છાલનું વધું મહત્વ છે, અને એમા ય બીલીફળનાં ગર્ભ (ગરભ) નું તો ખાસ મહત્વ છે. બીલીની છાલ આયુર્વેદના દશમૂળમાંનુ એક દ્રવ્ય છે.



પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

બીલીફળ મીઠા, સ્વાદિષ્ટ અને બહું બીયા વાળા હોય છે. તેમા ખીચોખીચ ગરભ ભરેલો હોય છે. આ ગરભ આંતરડાની બિમારીઓનું શ્રેષ્ઠ ઔષધ છે. આ ગરભ આંતરડાને ઠંડક આપે છે. સામાન્ય રીતે પક્વ ફળો જ ઉપયોગમાં લેવા જોઈએ, પણ બિલ્વફળ આમા અપવાદ છે. બાલ બિલ્વ (અપક્વ) વાપરવાનો ઉલ્લેખ છે.

બીલીગર્ભ મરડો, કોલાઈટીસ, આંતરડાના અલ્સર, ડાયેરીયા, આંતરડાની ગરમી આદિમાં ખૂબ અસરકારક છે. હાલ બજારમાં બીલીગર્ભના શર્બત, મુરબ્બા, આદિ બહુ બધી વેરાઈટી મળે છે. જેનો યથાયોગ્ય ઉપયોગ કરી શકાય. બીલીગર્ભનું ચૂર્ણ પણ મળે છે. આ ચૂર્ણ મીઠાશવાળું હોવાથી તેમા જીવાત જલ્દી પડી જાય છે એટલે બને તેટલું તાજુ ચૂર્ણ લેવું. અલ્સરેટીવ કોલાઈટીસના મારા ઘણા પેશન્ટને મેં મુખ્ય ઔષધ તરિકે બીલીગર્ભ અને કુટજ (કડાછાલ) આપેલા છે અને તેના અદ્ભૂત પરિણામો જોવા મળ્યા છે.

બીલી આંતરડા ઉપરાંત બીજા પણ ઘણા રોગોમાં ફાયદાકારક છે. જેમકે, - મોં આવી ગયુ હોય કે મોં માં ચાંદા પડ્યા હોય તો બીલાનાં ગર્ભને પાણીમાં મિક્સ કરે તેના કોગળા કરવાથી ફાયદો થાય છે - બીલીનાં પાન તાવમાં ફાયદાકારક છે - ઝાડામાં લોહી પડતું હોય તો કાચા બીલાનો ગર્ભ ગોળ સાથે લેવો - બીલીપત્ર ડાયાબીટીસમાં ઉપયોગી મનાય છે. રોજના ૧૫-૨૦ પાનનો રસ લઈ શકાય - મહર્ષિ સુશ્રુતે ઋગ્વેદોક્ત શ્રીસૂક્તનો પાઠ કરી બીલીના મૂળ કે છાલના ચૂર્ણનું સેવન કરવાનુ કહેલ છે. (ઘી, મધ અને સુવર્ણ સાથે). આમ કરવાથી સ્વસ્થ દિર્ઘાયુષ્ય, સ્મૃતિ-મેધા વૃધ્ધિ, અને શ્રીવૃધ્ધિ થાય છે

આ ઉપરાંત વિવિધ રિસર્ચ દ્વારા બીલીની ઍંટીમાઈક્રોબીયલ અસરો, ઍંટીફંગલ અસરો, અને ઍંટી વાઈરલ અસરો પ્રતિપાદિત થઈ છે. આમ, બીલી શરીરની ઈમ્યુનીટી માટે પણ એક મહત્વનું ઔષધ છે.

- contact@atharvaayu.com

# આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલો જી



મનના ઉમંગો
રણછોડ પરમાર

ગયા ગુરુવારે આપણે શ્રાવણ માસ બેસી ગયાની અને દેવોના દેવ મહાદેવના ધ્યાન, પૂજા, તપ શર- જવાની થોડીક વાતો કરી હતી. એ સમયે સમગ્ર ગુજરાતમાં ખાસ સંતોષકારક વરસાદ નહીં થયો હોવાને કારણે માનવી અને ધરતીને તડપાવતા જળના અભાવની પણ ચર્ચા કરી હતી. પરંતુ ખરેખર તો એ લેખ લખાયા પછી સમગ્ર રાજયમાં સોનાનો કહી શકાય એવો સરસ વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાત અને સોરઠની ધરા પર તો અનરાધાર વરસાદ ખાબક્યાના સમાચારો નીત નીત મળી રહ્યા છે. એક બાજુ વર્તમાનપત્રોમાં શિવજીની પૂજા-આરાધનાના અહેવાલો અને બીજી બાજુ શિવશંકરના માથે થતાં દૂધ-મધ-જળના અભિષેકની સાથોસાથ ધરતી માથે પણ મેઘરાજાની જળાદારી થતી હોવાના સમાચારો સચિત્ર આવવા માંડ્યા છે. આ સપ્તાહમાં ગુજરાત રાજકારણમાં ય એક વાવાઝોડું આવી ગયું. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું માન મેળવનારા આનંદીબેન હવે ભૂતપૂર્વ મુખ્યપ્રધાન બની ગયા છે. જતાં જતાં એમણે એક એવું ઉત્તમ કામ કર્યું છે કે જેની ભારતના તમામ રાજકારણીઓએ નોંધ લેવી જોઈએ. નવા મુખ્યમંત્રીના સોગંદવિધિ સમારોહમાં તેઓ આવ્યા સરકારી વાહનમાં અને નવા મુખ્યમંત્રીએ શપથ લીધા બાદ તેઓ વિદાય થયા એક સામાન્ય નાગરિકની જેમ, તેમના પુત્રના વાહનમાં. મુખ્યમંત્રી તરીકે ફાળવાયેલા બંગલો તેમણે ગઈકાલે જ ખાલી કરી દઈ તેની ચાવી સરકારને સોંપી દીધી છે. કેટલાક રાજકારણીઓને પદભ્રષ્ટ થયા પછી સરકારી મકાનો ખાલી કરવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે લાલ આંખ કરવી પડી છે. તેઓ સંજોગોમાં આનંદીબેનનું આ પગલું અઢળક અભિનંદનને પાત્ર છે. આવા ઉદાહરણો આપણને દેશમાં ઠેર ઠેરથી પ્રાપ્ત થતા રહે એવી આશા રાખી શકું?

આ શ્રાવણમાં બીજી પણ સરસ વાત બની છે. ગાંધીનગરમાં અને રાજયમાં અનેક સ્થળોએ વૃક્ષારોપણની કામગીરી ઘણા ઉત્સાહથી હાથ ધરાઈ છે. દરરોજ કોઈને કોઈ શાળા અથવા સંસ્થામાં કાર્યકરો/નાગરિકો કોઈને કોઈ નાના ભૂલકાં સરસ મજાનો રોપો રોપતા હોય તેવા સમાચારો આવ્યા જ કરે છે. દરેક સેકટરમાં રસ્તાની પડખે બલે એ ના એ જ સરકારી ઝાડ પર રોપાયાં છે ખરાં. આ વખતે ખુદ નગરજનોએ પણ ગાંધીનગરને શુષ્ક શહેર બનતું અટકાવવા મોટે પાયે વૃક્ષારોપણ કરવાની કામગીરી હાથ ધરી છે. તમને નવાઈ લાગશે પણ મુક્તિધામ ખાતેની લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે વાચવાં આવતા વિદ્યાર્થીઓએ થોડીવાર માટે પુસ્તકો હેઠાં મૂકીને આ પુનિત કાર્યમાં માટીવાળા હાથ આનંદથી કર્યા છે. આનાથી પણ વધારે નવાઈની વાત એ બની છે કે કેટલા બધા સાધુસંતો પણ આ ધર્મકાર્યમાં જોડાયા છે. લાગે છે કે આ શહેરને મળેલું ગ્રીનસીટીનું બિરુદ જળવાઈ રહેશે ખરું.

એક બાજુ કાળાં-ધોળાં શ્રાવણીયા વાદળોએ આકાશને ઘેરો ઘાલ્યો છે બીજી બાજુ ધરતીને લીલીછમ ઓઢણી ધારણ કરી છે. વૃક્ષો મેઘજળ પી પીને એકદમ તાજાતરમ થઈ ગયા છે. અને એ જ મેઘધારામાં નાહીને ચોખ્ખાં ચણાક થઈ ગયા છે. શહેરના રસ્તા અને ફૂટપાથ બેઉં બિલકુલ સાફસુથરા બની ગયા છે. એમને હવે ઘડીપડી પેલી છીંકોટા ખવરાવતી ધૂળ હેરાન કરતી નથી. શહેરના સફાઈ કામદારોને સ્વચ્છતા કામગીરીમાંથી થોડીક નવરાશ મળી છે. કોઈ કોઈ ઠેકાણે રસ્તાનો ડામર ઉખડી જવાથી ખાડા પડી ગયા છે અને કયાંક વળી મોટાં ભૂવાં પડી ગયાના ફોટાં છાપામાં જોવા પડે છે. પણ હવે એ માટે કેટલોક જીવ બળવો? ભ્રષ્ટાચારના ભોરીંગને નાથે એવો સબળ મદારી આપણે કયાંથી લાવી શકવાના? જેવા ભરતભૂમિના ભાગ્ય અને આપણા સૌના દુર્ભાગ્ય, બીજું શું? (અહીં તમને કિશોરલાલ મશરૂવાળાનો વિખ્યાત નિબંધ 'કૂવો અને હવાડો' યાદ આવે છે કે નહીં?)

જવા દો એ વાત, નિહાળો આ લીલીછમ્મ ધરતી અને એવી જ રઢિયાળી વનરાજી. આપણા શહેરમાં વૃક્ષોનો પાર નથી તેમ છતાં આખેઆખા પ્રકૃતિના ખોળામાં જ જઈને રમવાની ઈચ્છા હોય તો બાળગોપાળને લઈને નીકળી પડો ગામની બહાર. આપણી આજુબાજુના ધોળેશ્વર, કોટેશ્વર, વાસણીયા મહાદેવ, અક્ષરધામ - મહુડી, થોડેક આઘે ઉત્કંઠેશ્વર મહાદેવ, એનાથી પણ ના ધરાવાય તો ખેડબ્રહ્મા-અંબાજી-બાલારામ અને ખીચોંખીંચ નારિયેળીઓ સહિત જળનો મહેરામણ ભાળવો હોય તો દ્વારકા-સોમનાથ જઈ આવો. ધરતીમાંથી ઉડતા ઉડતા વાદળનાં ઘૂસવાનો લહાવો લેવો હોય પાવાગઢ ગઈ ઉડનખટોલામાં ફરી આવો. આમાંથી કયાંય ના જવું હોય તો તમારા સેકટરમાં આવેલા બગીચામાં એકબાજુ ગોઠવેલા બાંકડે બેસી મનભરીને વાદળ અને વૃક્ષોની વાત સાંભળી લેજો. પંખીઓનો કલશોર તમારું ધ્યાન ના ખેંચી શકે તો ઘાસની પીઠ પર ગલીપચી કરતા પવનની ગમ્મત ચોક્કસ જોજો. મજા પડશે.

આમાંથી ય જો કશું ના કરવું હોય તો આવો, હું તમને શ્રાવણનું એક સરસ ગીત સંભળાવું. ના ગમે તો પૈસા પાછા. (જો તમે આપ્યા હોય તો...)

શ્રાવણ નીતર્યો

આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલો જી,
પેલાં રેલી ચાલ્યાં રૂપ હોય કોઈ ઝીલો જી.
આ કપૂર-કાયા સરી જશે કોઈ ઝીલો જી,
પેલા ઊડી ચાલ્યા ધૂપ હો કોઈ ઝીલો જી.
આ જલધારામાં ઝૂલતી કોઈ ઝીલો જી,
પેલી તૂટે મોતનમાળ હો કોઈ ઝીલો જી.
આ લટ લહેરાતી લળી લળી કોઈ ઝીલો જી
પેલું કોણ હસે મરમાળ? હો કોઈ ઝીલો જી.
આ નથી ટપકતાં નેવલાં કોઈ ઝીલો જી
આ વરસે અમરત-મેહ હો કોઈ ઝીલો જી.
આ સમણાં કેરા કરા પડે કોઈ ઝીલો જી
આ નરદમ વરસે નેહ હો કોઈ ઝીલો જી.
આ ચમકે વાદળ-તલાવડી કોઈ ઝીલો જી
એની તડકે બાંધી પાળ હો કોઈ ઝીલો જી
આ દિન વહી ચાલ્યો સુહામણો કોઈ ઝીલો જી
આ રાત ચલી રઢિયાળ હો કોઈ ઝીલો જી.
આ દૂધ ધોયા ડુંગરા કોઈ ઝીલો જી
પેલી ઝરણાંની વણઝાર હો કોઈ ઝીલો જી.
આ જતિ-સતીનાં તપ રેલે કોઈ ઝીલો જી
પેલા શિવલોચન-અંબાર હો કોઈ ઝીલો જી.

- બાલમુકુન્દ દવે

માનવો, પંખીઓ, ઢોરઢાંખર સહુ આભ પ્રત્યે રહે મીટ માંડી,
શ્યામળા મેઘને ન્યાળવા ચાહતી તરસતી સર્વની આંખ પ્યાસી.

શ્રાવણના સરવરીયા... પછી ધીરે ધીરે વરસાદની વિદાય... આ ક્રમ હવે બદલાઈ ચૂક્યો છે. ઋતુચક્રે કરવત બદલી છે. હવે મેઘરાજા શ્રાવણમાં પધારે... ને... દિવાળીએ વિદાય લે છે... નદી-નાળાં,ઝરણાં, પહાડો, વૃક્ષો, પંખીઓ, વન-ઉપવનો સઘળું દર્શનીય બની રહે છે. પર્જન્યના સ્પર્શથી ધન્ય ધરિત્રી ઝળહળી ઉઠે છે... પ્રકૃતિના અણુઅણુમાં પ્રગટેલું પરમ ચૈતન્ય કવી-મનિષીઓ, ઋષિ-મુનિઓને વેદગાન કરવા મજબૂર કર્યા હશે... વરસતા વહાલમાં ઉપનિષદના શબ્દો નીતર્યા હશે... વર્ષા પૂર્વેનો ઉકળાટ અને વિહવળતા કદાચ કાલિદાસના 'મેઘદૂત' નું નિમિત્ત બન્યા હશે!! જીવનદાયિની વર્ષા એકંદરે કલ્યાણદાયિની પણ છે... વરસાદ વિના સઘળું અધૂરું... "આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ."

પ્રફુલ્લિત પ્રકૃતિનો પાવનકારી મિજાજ માનવમનને માંજે છે... 'શિવ' માંથી છૂટો પડેલો 'જીવ' શ્રાવણમાં શિવમય બનીએ ઘટના જ મંગલમય ને રોમહર્ષણ!! 'શિવં ભૂત્વાં શિવં યજેત'' શિવ થઈને શિવની ઉપાસના કરવી જોઈએ. જીવનું રૂપાંતર શિવમાં થાય એ જ માનવની જીવનયાત્રાની ફલશ્રુતિ હોઈ શકે.

જીવત્વ ત્યાં શિવત્વ. ઓમકારથી ગુંજતા શિવાલયોમાં ઘડીભર બેસો તો ખરા... જીવનના સઘળા ઉત્તાપો તાપ-સંતાપ-પરિતાપ – શમી જશે. અરે, ધ્યાનસ્થ થઈ જવાશે... શિવલિંગ પર બિલ્વપત્ર – ત્રિદલ ચઢાવી જુઓ.... ટેરવાથી હૈયાલગી એક પાવન પ્રવાહ ધસમસતો અનુભવાશે...

"પૂજા બાકી છે." "શિવાલય કે મંદિરે જવાનું બાકી છે" – આવું કહેનારો વર્ગ શ્રાવણી પ્રભાતે અચૂક મળશે... સંસારી જીવની શિવત્વ તરફની દોટ વંદનીય તો ખરી જ... પામર મનુષ્ય એક નાનકડી ટબૂડીનો દુગ્ધાભિષેક કરતો હોય કે જળાધારીનો સતત જળાભિષેક પ...ણ... શ્રાવણમાં તો સ્વયં કુદરત શિવલિંગ સમી ધરતી પર વરસાદી જળાભિષેક કરી ઘણું ઘણું સમજાવી જાય છે...જો સમજાય તો?!!

# જ્યાં નિર્મળતા ત્યાં સંપત્તિ અને જ્યાં મલિનતા ત્યાં આપત્તિ



લાગણીનો મેળો
રસિક વાળંદ

શિવાલયોના ગુંજતા ઘંટનાદો જગ જંજાળી આટાપાટામાંથી માણસ ઘડીક બહાર કાઢી શિવમય બનાવે છે...એકટાણા કરવાં, મહિના પૂરતી હજામત ન કરવી, નિર્ધારિત પૂજાપાઠ કરવા, હિંડોળા ભરવા – ભજન કીર્તન કરવા... આ બધી પરાપૂર્વની રસમો સહજ નિભાવી કઈક કર્યાનો પરિતોષ ધન્યતા બક્ષે છે. એક કાળે સતત વધુ ને વધુ પૂજામય થયેલો જીવ રસોઈમાં સમય ન ખર્ચાય એ માટે ઉપવાસને હાથવગો ફળાહાર કરતો. ભક્તિભાવનામાં તરબોળ થયેલો જીવ હજામત કરવાની સુધબુધ ગુમાવી દેતો... આ હતાં આપણા પ્રભુમય બનેલાં ઉદાત્ત જીવનો... આજે તો "કહ્યું કશું ને સાંભળ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું" – જેવો ઘાટ... છતાં નિંદનીય તો નથી જ... કશુંક ઉત્તમ ટકી રહ્યું છે એનો આનંદ કઈ ઓછો નથી.

આજે એક નવો વિચાર વહેતો થયો છે. શિવલિંગ પર થતો દુગ્ધાભિષેકમાં દૂધનો બગાડ અટકાવી ગરીબ બાળકોને પીવડાવો – વિચાર સારો છે જ.. પરંતુ બારેમાસ આ પ્રણાલિ ચાલુ રાખીશું ખરા? કે પછી માત્ર શ્રાવણ માસ પૂરતી જ.... હિંદુ સંસ્કાર વારસાના મર્મ – રહસ્યને કદી બારીકાઈથી પિછાણ્યું છે ખરું?!! શિવજી પર દુગ્ધાભિષેક કેમ?

દોસ્તો, દૂધ શુભ્રતાનું પ્રતિક છે. આપણું ચારિત્ર્ય, ઉજ્જવળ કીર્તિધવલ, કર્મ વિશુદ્ધ, મન નિર્વિકારી તેમજ હૃદય નિર્મળ અને પવિત્ર હોવું જોઈએ. સંતો, ઋષિઓ, આચાર્યો, ભક્તો વગેરે ભગવાન ને ગમે છે, કારણકે તેઓ મનસા, વાચા, કર્મણા નિર્મળ હોય છે. "જ્યાં નિર્મળતા ત્યાં સંપત્તિ અને જ્યાં મલિનતા ત્યાં આપત્તિ." એ સનાતન સિદ્ધાંત છે. ઉપનિષદોએ વિશુદ્ધ બુદ્ધિને કામધેનુંની ઉપમા આપી છે, "દુગ્ધમગીતામૃતમહત" ઉપનિષદના અર્કસમી ગીતાને પણ દૂધની ઉપમા આપવામાં આવી છે.

માનવીની બુદ્ધિ ઈશ સમર્પિત કે શાસ્ત્રનિષ્ઠ હોય તો જ તેમાંથી ઉદભવેલ વિચારો દૂધ જેવો સમાજ સર્જી શકે. આપણા સંસ્કારવારસામાં "દૂધ ઢોળાઈ જાય તો અપશુકન ગણાય." એ વાત આ સંદર્ભમાં સમજવા જેવી છે, પણ વિડંબણા એ છે કે આપણે સ્થૂળ દ્રષ્ટિએ "દૂધ ઢોળાય" એ વાત પકડી બેઠા...

મિત્રો, ઋષિઓ, અવતારો કે મહાપુરુષોએ વહેવડાવેલું વિચારરૂપી દૂધ જો ઢોળાઈ જાય, વેડફાઈ જાય કે સમાજમાં તેની ઘોર ઉપેક્ષા થાય તો તે સમાજની નિશ્ચિત અવનતિ થાય અને એનાથી મોટાં અપશુકન બીજે કયાં હોય?

ઋષિમુનિઓએ ભારતીય સભ્યતાને આપેલા કર્મકાંડ કે સંસ્કાર પાછળ ચિરકાલીન ચિંતન-મનન રહેલું છે... કદાચ લખાયેલું નષ્ટ થશે પરંતુ આચારમાં વણાયેલો વિચાર યુગોને માર્ગદર્શન કરશે... આર્ષદ્રષ્ટા ઋષિઓ આ અગમ ભાળી ચૂકેલા... અરે, બીલીપત્ર તોડી શિવલિંગ પર ચઢાવવા એ પણ નકામાં છે. વૃક્ષની શોભા નષ્ટ કરે છે. – આવું આજની પેઢી બેધડક કહી નાખે ત્યારે હૈયું ચિરાઈ જાય છે...આવી અબુધ પેઢીને આ બધું કોણ સમજાવશે?!! આપણા શિવાલયો ખાસ કરીને નદી કિનારે જ હોય છે, "પત્રમ પુષ્પમ ફલમ તોયમ...." વગેરે શિવ નિર્માલ્ય નદીના જળમાં વહેતું થાય ને જળચર જીવોને પાષાણ મળી રહે ક્યાંય પ્રદુષિતતા પણ ન સર્જાય એનો પણ વિચાર કરેલો છે જ...

શિવલિંગ પર ટીપું ટીપું કરીને ટપકતું પાણી સાધનામાં સાતત્ય અને ભાવની ભીનાશનું મહત્વ સૂચવે છે. શિવોપાસના દીર્ઘકાળ, નિરંતર તેમજ સત્કારપૂર્વક ચાલવી જોઈએ. ઈશસમર્પિત જીવન શિવનિર્માલ્ય ગણાય. આવા ભક્તની અવગણના કરવી એ શિવનિર્માલ્યનું ઉલ્લંઘન ગણાય અને એ પાપ કરનારો માણસ ગમે તેટલો મોટો ગણાતો હોય તો પણ થોડા જ વખતમાં શક્તિહીન અને નિસ્તેજ બની જાય છે. ધર્મ-અધ્યાત્મના ઠેકેદારોએ આ બધું નવી પેઢીને સમજાવવાનો સમય પાકી ગયો છે....

કહેવાતો નવો વિચાર – તુક્કો વોટ્સઅપમાં વહેતો થાય..... "વાગે તો તીર નહિ તો ટપ્પો" એમાંયે મેસેજ ફોરવર્ડ ભડવીરો અત્ર – તત્ર સર્વત્ર મેસેજ ફોરવર્ડ કરીને "એક્ટીવ યુઝર્સ" ની નામના મેળવે... આવી નવરી જમાત આપણી અદકેરી ધાર્મિક પરંપરાને ઠેસ પહોંચાડે. આજના ભણેલા જુદા જ તાલે નાચવા લાગ્યા છે... અર્થદગ્ધ શિક્ષિતો હિંદુ તહેવાર આવ્યો નથી કે તરત પોતાના વિચારો સાથે કૂદી પડે છે... આમાં એમને તો કશો જ લાભ થતો નથી...અરે, ભગવાનમાં માનતાય નથી... ધાર્મિકતાની સૂગ ધરાવતા હોય છે. આવી ઉધઈ સમાજને કોરી ખાય છે... પણ કોને દેખાય છે?! ઓફીસના ઉપરી કે બોસના કૃપાપાત્ર બનવા પગચંપી કરતા કે ઘૂંટણીયે પડતા લોકો જગન્નીયંતાને હાથ જોડતાં શરમાય છે!! આવાઓથી ચેતવા જેવું છે. આવા ઉદ્ધત લોકોએ દિવાળીનો દમામ ભૂંસી થર્ટી ફર્સ્ટ (૩૧મી ડિસેમ્બર) ની રાત ઘુસાડી દીધી. દિવાળીએ પૂરું થતું વર્ષ "માર્ચ એન્ડીંગ" બની ગયું છે. ચારઆના નિરર્થક છે એવું ઉભું કરી પાવલી ચલણમાંથી ગુમ કરી. આપણો ઉમદા આદર્શ "શ્રી૧!" (શ્રી સવા) ને એક ઝાટકે પતાવી

**અનુસંધાન પાના નં. ૭ પર**